ચોપાઇ- એમ યજ્ઞ કરી યદુનાથ, ચાલ્યા શ્યામળો સખાને સાથ।
રહ્યા જેતલપુરમાં જઈ, સંઘ સરવે સંગાથે લઈ ॥૧॥

ત્યાંથી સંઘને શીખજ કરી, પોતે ચાલ્યા પશ્ચિમ દેશે હરિ ।
સારો પહેરી સુંદર સુરવાળ, ઝગે જરકશી જામો વિશાળ ॥૨॥
માથે બાંધી છે પાઘ સોનેરી, કમર કશી કેસર રેંટા કેરી ।
બાજુ કાજુ કુંડળ રૂપાળાં, હાથે હેમકડાં બે વળાળાં ॥૩॥
હૈયે હાર અપાર શોભાળા, ઉર ઉતરી મોતીની માળા ।
કોટે કનકની કંઠી શોભે, શિશે શિરપેચ જોઈ મન લોભે ॥૪॥
ચડ્યા ઘણામૂલે હરિ ઘોડે, બીજા સખા અસવાર જોડે ।
ચાલ્યા વાટમાં એવાના એવા, સર્વે જનને દર્શન દેવા ॥૫॥
જેજે વાટમાં આવિયાં ગામ, તેણે નિરખ્યા સુંદર શ્યામ ।
દેતા દર્શન દીનદયાળ, આવ્યા પ્રભુજી દેશ પંચાળ ॥૬॥
સુંદર ગામ સારંગપુર નામ, તિયાં પધાર્યા સુંદર શ્યામ ।
રૂડા ભક્ત જીવો ને રાઠોડ, આવ્યા હરિ કરી તિયાં ધ્રોડ ॥૭॥
રહી રાત્ય એક તિયાં રાજ, આવ્યા કારિયાણી મહારાજ ।
તિયાં ભક્ત વસે એક માંચો, નહિ તે કોઈ નિયમમાં કાચો ॥૮॥
નિરલોભી ને અતિ નિષ્કામી, તેને ઘેર પધારીયા સ્વામી ।
તિયાં રહ્યા હરિ એક દિન, પછી આવ્યા ગઢડે જીવન ॥૯॥
ભક્ત સભાગી એભલ જીયાં, રહ્યા કાંઈક કૃપાળુ તિયાં ।
પછી ત્યાંથી સધાવીયા શ્યામ, આવ્યા નાથ કરિયાણે ગામ ॥૧૦॥
તિયાં રહ્યા રાત એક હરિ, આવ્યા રાયપર કૃપા કરી ।
સખા સર્વે છે શ્યામ સાથ, આવ્યા કોટડે બંધીયે નાથ ॥૧૧॥
ગયા ગોંડળ ને જેતપર, આવ્યા ધોરાજી શ્યામસુંદર ।
જઈ જમનાવડે જગદીશ, ત્યાંથી પાછો કર્યો પરવેશ ॥૧૨॥
આવ્યા દુધિવદર કંડોરડે, ત્યાંથી પધારીયા કાલાવડે ।
ભક્ત જાદવજીને ભુવન, રહ્યા રાત્ય ત્યાં પ્રાણજીવન ॥૧૩॥
ત્યાંથી સખાને શીખજ દઈ, પોતે ચાલ્યા સેવક બે લઈ ।
ત્યાંથી મોડે ગયા કરી મહેર, ભક્ત રણમલજીને ઘેર ॥૧૪॥
પછી આવ્યા અલૈયે જીવન, ભક્ત નારાયણને ભવન ।

ત્યાંથી ગયા છે ભાદર ગામ, ભક્ત ડોસો જ્યાં રતનોરામ ॥૧૫॥
રહ્યા રાત્ય કરી હરિ મહેર, વસતા વશરામને ઘેર ।
પછી ત્યાંથી કર્યો પરવેશ, ગયા જોડીયેથી કચ્છદેશ ॥૧૬॥
આવી અંજારમાં રાત્ય રહ્યા, ત્યાંથી વાલો ધમડકે ગયા ।
ભક્ત રામસિંઘ રાયધણે, કરી સેવા ભરી ભાવે ઘણે ॥૧૭॥
તિયાં રહ્યા દન દોય ચાર, પછી ભુજ પધાર્યા મોરાર ।
દઈ જનને દર્શનદાન, તિયાં રહ્યા પોતે ભગવાન ॥૧૮॥
કર્યો હુતાસનીનો સમૈયો, આપ્યો આનંદ ન જાય કહીયો ।
અતિ ઉડાડે રંગ ગુલાલ, કર્યો અલબેલે અલૌકિક ખ્યાલ ॥૧૯॥
લીધો લાવો નાથ સાથ જને, ફાગણશુદી પુન્યમને દને ।
તેદિ ભુજમાં ઉત્સવ કર્યો, સર્વે જને મને મોદ ભર્યો ॥૨૦॥
કરી અલબેલે લીલાલેર, ગંગારામ હીરજીને ઘેર ।
દઈ સુંદરને સુખ શ્યામ, ત્યાંથી ગયા માનકુવે ગામ ॥૨૧॥
તિયાં ભક્ત અદોભાઈ નામ, વળી તેજો કેશવ ને શ્યામ ।
તેને દીધાં છે દર્શનદાન, ત્યાંથી તેરે ગયા ભગવાન ॥૨૨॥
તિયાં તેડાવિયા સર્વે સંત, દિધાં દર્શન સુખ અત્યંત ।
ત્યાંથી આવીયા કાળેતળાવ, જોઈ ભક્ત ભીમજીનો ભાવ ॥૨૩॥
રહ્યા દિન દોચારેક ત્યાંઈ, પછી ફરી આવ્યા તેરામાંઈ ।
ભક્ત નાગજી સંઘજી સુતાર, તિયાં આવ્યા મુનિ ને મોરાર ॥૨૪॥
કરી રસોઈ જમાડ્યા સંત, જમ્યા જન ભેળા ભગવંત ।
પછી બોલીયા સુંદરશ્યામ, ભરિ લીયોને જળનાં ઠામ ॥૨૫॥
એમ કહીને સંત ચલાવ્યા, વાલો પોતે વળાવવા આવ્યા ।
પછી મળ્યા સહુને મહારાજ, તમે રાજી રહેજ્યો મુનિરાજ ॥૨૬॥
એમ કહીને શીખજ દિધી, પોતે વાટ માંડવીની લીધી ।
તિયાં ભક્ત મેઘો વશરામ, ટોપણ દેવશી સુંદર નામ ॥૨૭॥
તેને દઈ દરશન નાથ, સર્વે જનને કર્યાં સનાથ ।
ત્યાંથી નાથ બેઠા છે નાવડે, આવ્યા ભાદરે અલૈયે મોડે ॥૨૮॥

કરી કંડોરડાની ચોરાશી, આવ્યા ધોરાજીએ અવિનાશી ।
રહે ભાડેર પાતળભાઈ, રહ્યા એક દિન પ્રભુ ત્યાંઈ ॥૨૯॥
મેઘપુર આવ્યા કરી મહેર, સોની નારાયણ ભક્તને ઘેર ।
ત્યાંથી પ્રભુ આવ્યા પિપલાણે, રાખ્યા હરિને જન કલ્યાણે ॥૩૦॥
પછી આવ્યા આખે અલબેલો, દવે નારાયણ ઘેર છબીલો ।
ત્યાંથી આવ્યા વાલો અગત્રાઈ, જીયાં વસે છે પર્વતભાઈ ॥૩૧॥
તિયાં રહ્યા હરિ બહુદિન, તેડાવિયા તિયાં હરિજન ।
કરવા ઉત્સવ અષ્ટમી કેરો, હૈયામાંહિ છે હર્ષ ઘણેરો ॥૩૨॥
તિયાં મોટો મંડપ કરાવ્યો, માંહિ મેડો કર્યો મનભાવ્યો ।
તિયાં બેઠા વાલો વનમાળી, સુંદર મૂરતિ રૂડી રૂપાળી ॥૩૩॥
જોઈ જનને સમાધિ થાય, કરે લીળા નાવા નિત્ય જાય ।
પછી દ્વિજ ધનહીન જોઈ, તેના સુતને આપી જનોઈ ॥૩૪॥
ફર્યા ફુલેકે ગામમાં નાથ, અંસે અસિ શ્રીફળ લઈ હાથ ।
પછી આવ્યો અષ્ટમીનો દન, બહુ ગુલાલ લાવિયા જન ॥૩૫॥
ભરે મુઠી હેતે હરિ હાથે, નાખે નાથ નિજજન માથે ।
થયા રંગે રાતા સહુ જન, પાડે તાળી કરે કીરતન ॥૩૬॥
એમ સારો ઉત્સવ કર્યો શ્યામે, અલબેલે અગત્રાઈ ગામે ।
આપ્યો આનંદ જનને જીવને, શ્રાવણવદી અષ્ટમીને દને ॥૩૭॥
તેદિ લીળા કરી અગત્રાયે, કરાવી આંબે પર્વતભાયે ।
પછી પધારીયા ગઢજુને, સાથે લીધો છે સંઘ સહુને ॥૩૮॥
સંઘ દેખી દુષ્ટ દાજીયા, પછી રાજા પાસે રાવે ગીયા ।
લેશે સાહેબ શહેર તમારું, એનું માણસ ઉતારો બારું ॥૩૯॥
તૈયે રાજા કહે સુણો તમે, એનું દીધું કરું રાજય અમે ।
એહ લેશે તો સુખેથી લીયો, એને ગામમાં આવવા દિયો ॥૪૦॥
પછી શહેરમાં શ્યામ પધાર્યા, નિજજનને મોદ વધાર્યા ।
પોતે દિવસ એક ત્યાં રહ્યા, પછી નાવા દામોદર ગયા ॥૪૧॥
નાઈ નિસર્યા મોહનલાલ, ચર્ચ્યું ચંદન વિપરે ભાલ ।

તેને દીધી છે દક્ષિણા બોળી, આપી મહોર નાથે અણતોળી ॥૪૨॥
પછી આવિયા શહેરમાં શ્યામ, ત્યાં વાલે કર્યો વિશ્રામ ।
ત્યાંથી ચાલીયા શ્યામ સુંદર, આવ્યા નરસિંહ મેતાને મંદિર ॥૪૩॥
તિયાં બેસીયા ઘડી બેચાર, પછી આવિયા છે પુર બહાર ।
સર્વે સંઘ સંગે લઈ શ્યામ, પછી આવ્યા ફણેણી ગામ ॥૪૪॥
તિયાં સર્વેને શીખજ દિધી, એવી લીળા અલબેલે કીધી ।
સર્વે જનને સુખીયા કરી, પોતે પધાર્યા પંચાળે હરિ ॥૪૫॥
બહુબહુ લીળા કરે લાલ, જોઈ જનને થાય નિહાલ ।
જે કોઈ યોગીના ધ્યાનમાં નાવે, તે અલબેલો લાડ લડાવે ॥૪૬॥
કરે લીળા અતિશે અપાર, કહેતાં કોણ પામે તેનો પાર ।
જેમ સભર ભર્યો મેરાણ, પિવે પંખી તે ચાંચ પ્રમાણ ॥૪૭॥
તેમ અતિ અગાધ મહારાજ, કોણ કળે તોલે કવિરાજ ।
પણ જે પિયે તે સુખી થાય, નિશ્ચે નિષ્કુળાનંદ એમ ગાય ॥૪૮॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદ મુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે સાઠ્યમું પ્રકરણમ્ ॥૬૦॥